GJRJ100003982026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૩** | **૨૭** |

**<u>ફોર્મ–એ</u>**

| | |
|---|---|
| **પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.** | |
| **ક્રિમીનલ કેસ નં.305/2026** | |
| **આંક–** | |
| **પડધરી પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૧૩૦૪૨૨૬૦૧૯૭/૨૦૨૬** | |
| **પ્રોહીબીશનની કલમ–૬૫(બી)(સી)(ડી)(ઈ)(એફ), ૯૮(૨), ૮૧** | |
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | **વિદ્વાન એ.પી.પી શ્રી ડૉ.જી.એ.ઠાકર.** |
| આરોપી | **૦૧–રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ હઠાભાઈ ઝુંઝા,**<br>રહે. તરઘડી, તા.પડધરી, જી.રાજકોટ.<br>**૦૨–કુલદિપસિંહ જોરૂભા જાડેજા,**<br>રહે. વિસામણ, તા.પડધરી, જી.રાજકોટ. |
| આરોપીપક્ષ તરફે | **વિ. વ. શ્રી એ.આર.બાંભવા.** |

## <u>ફોર્મ-બી</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| આખરી અહેવાલ રજુ થયાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| પ્લી/તહોમતનામું ઘડ્યાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | --------- |

## // આરોપીની વિગત //

| આ. અ. નં. | આરોપીનું નામ | ધર. ની તા. | જા.મુ તા. | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ભા.ના.સુ.સં.ની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ હઠાભાઈ ઝુંઝા | - | - | પ્રોહીબીશન ની કલમ-૬૫(બી)(સી)(ડી)(ઈ)(એફ), ૯૮(૨), ૮૧ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુક્યા | - | - |
| ૨. | કુલદિપસિંહ જોરૂભા જાડેજા | - | - | | | | |

## <u>ફોર્મ-સી</u>

### - ચુકાદાનું પરિશિષ્ટ -

### ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીની યાદી

### ક. ફરીયાદપક્ષ :-

| ક્રમ નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ડાહ્યાભાઈ મોહનભાઈ બુસા | ૦૯, ૧૧ | પંચસાહેદ |
| ૨. | અશોકભાઈ વીનુભાઈ ડાંગર | ૧૮ | ફરિયાદી |
| ૩. | અનિરૂદ્ધસિંહ જયવંતસિંહ જાડેજા | ૨૧ | ત.ક.અ. |

**ખ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો :–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ગ. અદાલતના સાક્ષી, જો હોય તો :–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજના આંકની યાદી :–**
**ક. ફરીયાદપક્ષ :–**

| અનુ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચનામું |
| ૨. | ૧૨ | અટક પંચનામું |
| ૩. | ૧૯ | અસલ ફરિયાદ |
| ૪. | ૨૦ | ગુન્હો રજીસ્ટર કરવાનો રીપોર્ટ |
| ૫. | ૨૨ | ડેપ્યુટ હુકમ |
| ૬. | ૨૩ | એફ.આઈ.આર. |
| ૭. | ૨૪ | રવાનગી પત્રક |
| ૮. | ૨૫ | કલમ-૧૨૦ હેઠળનો ઠરાવ |

**ખ. બચાવપક્ષ :–**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ગ. અદાલત :–**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ઘ. ભૌતીક પદાર્થ :–**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| મુદ્દામાલ પાવતી નં.૮૨/૨૦૨૬, તા.૨૩/૦૩/૨૦૨૬ | | |

### (૧.૦) ફરીયાદની ટુંકમાં હકીકત :–

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ૨૦–૫૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપી નં. ૧ તથા ૨ નાએ એકબીજાની મદદગારીર કરી આરોપી નં. ૨ નાં કબજા ભોગવટા વાળી વાડીમાં ગેરકાયદેસર રીતે કોઈ પણ પાસપરમીટ કે આધાર પુરવા વગર દેશી દારૂ ચલાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ લી.૨૫, કિં.રૂા.૫,૦૦૦/– તથા દેશી દારૂ બનાવવાનો ઠંડો આતો લી.૬૦૦, કિં.રૂા.૧૫,૦૦૦/– તથા ગરમ આથો લી.૧૦૦, કિં.રૂા.૨૫૦૦/– તથા ગોળનાં ડબ્બા કિં.રૂા.૩૦૦/– તથા ભઠ્ઠીનાં સાધનો કિં.રૂા.૧,૦૦૦/– તથા મો.સા. નંગ–૨ તેમજ રોકડ રૂા.૧૫૬૧૦/– રાખી મળી આવી ગુન્હો કરેલ હોઈ તે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે પડધરી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.–૧૧૨૧૩૦૪૨૨૬૦૧૯૭/૨૦૨૬ થી પ્રોહીબીશનની એકટની કલમ–૬૫(બી)(સી)(ડી)(ઈ)(એફ), ૯૮(૨), ૮૧ મુજબની નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

### (૨.૦) કેસની કાર્યવાહી :–

ફરીયાદીની ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૯૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપી જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૧૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂદ્ધનો ગુનો વોરન્ટ ટ્રાયબલ હોય આરોપીને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપીની આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી આંક–૦૭ તથા ૦૮ થી પ્લી નોંધવામાં આવેલી, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી

કેસની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરેલી તેથી ફરિયાદપક્ષ તરફે કેસ આગળ ચલાવેલ છે.

(૩.૦) ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરિયાદની હકીકતનો ઈન્કાર કરી, નિર્દોષ હોવા અંગેનું જણાવેલ છે. તેમજ આરોપીપક્ષ તરફે કોઈ પુરાવા રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

(૪.૦) **પક્ષકારોની દલીલ :–**

(૪.૧) સદર કામે એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, સદર કામે મુદ્દામાલ પાવતી મુજબનો પ્રોહી મુદ્દામાલનાં આરોપી પાસેથી પંચસાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ છે, જેને સદર કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા ત.ક.અમલદારશ્રીની જુબાનીથી સમર્થન મળેલ છે. તેમજ રજુ કરવામાં આવેલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું પોલીસ અધીકારી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જેથી તેને ન માનવાને કોઈ કારણ નથી. આમ, સદર કામે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદ્દામાલ આ કામનાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ હોવાની હકિકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને પ્રોહીબીશન એકટની જોગવાઈઓ મુજબની મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૪.૨) આરોપી તરફે તેઓનાં વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આ કામનાં આરોપી  નિર્દોષ છે અને સદર કામે ફરિયાદ મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી. તેમજ સદર કામે તપાસવામાં આવેલ પંચસાહેદ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પંચનામું પુરવાર થયેલ નથી. તેમજ સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં પોલીસ દ્વારા નિવેદન લેવામાં આવેલ નથી કે તપાસવામાં આવેલ નથી. તેમજ સદર કામે તપાસવામાં આવેલ સાહેદો એ પોલીસ સાહેદો છે અને માત્ર પોલીસ

સાહેદોની જુબાનીને આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ ફરિયાદની હકીકત મુજબનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

**(૫.૦)** ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**––મુદ્દાઓ––**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ૨૦–૫૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપી નં. ૧ તથા ૨ નાએ એકબીજાની મદદગારીર કરી આરોપી નં. ૨ નાં કબજા ભોગવટા વાળી વાડીમાં ગેરકાયદેસર રીતે કોઈ પણ પાસપરમીટ કે આધાર પુરવા વગર દેશી દારૂ ચલાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ લી.૨૫, કિં.રૂા.૫,૦૦૦/– તથા દેશી દારૂ બનાવવાનો ઠંડો આતો લી.૬૦૦, કિં.રૂા.૧૫,૦૦૦/– તથા ગરમ આથો લી.૧૦૦, કિં.રૂા.૨૫૦૦/– તથા ગોળનાં ડબ્બા કિં.રૂા.૩૦૦/– તથા ભઠ્ઠીનાં સાધનો કિં.રૂા.૧,૦૦૦/– તથા મો.સા. નંગ–૨ તેમજ રોકડ રૂા.૧૫૬૧૦/– રાખી મળી આવી પ્રોહીબીશનની એકટની કલમ–૬૫(બી)(સી)(ડી)(ઈ)(એફ), ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

**(૬.૦)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>––નિર્ણયો––</u>**

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

## // કારણો //

**(૭.૦) મુદ્દા નં.૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા –**

આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુનામાં આરોપી વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

**(૭.૧)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૦૯ તથા ૧૧ થી પંચસાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચસાહેદ તેઓનાં કોર્ટ રૂબરૂનાં સોગંદનામા ઉપરનાં મૌખિક પુરાવા દરમ્યાન હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું પંચસાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવાં આવેલ હોવા છતાં તેઓ પોતાનાં સરતપાસનાં પુરાવાને વળગી રહેલ છે અને આંક–૧૦ તથા ૧૨ થી રજુ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરેલ નથી.

**(૭.૨)** ફરિયાદપક્ષ તરફે ફરિયાદી અશોકભાઈ વીનુભાઈ ડાંગર આંક–૧૮ થી તેઓએ જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તારીખ–૨૩/૦૩/૨૦૨૬ ના રોજ અમો પડધરી પો.સ્ટેમાં પો.કો તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન અમો તથા સ્ટાફના બી એમ જાડેજા સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન વિસામણ ખાતે પહોંચતા સાથે કુલદીપસિંહ જોરુભા જાડેજા પોતાની વાડીમાં દેશી દારૂ બનાવાની ભઠ્ઠી ચલાવે છે તેવી ચોકકસ માહીતી સાથીના કર્મચારી એ.જે.જાડેજાને મળતા નજીક રાહદારી પંચો બોલાવી ૧૨૦ નો ઠરાવ કરી હકીકત બાતમી વાળી જગ્યાએ જવા પંચો સાથે રવાના થયેલ. ખાનગી વાહનમા ઉપરોકત ઈસમની વાડીએ ક.૨૦–૫૦ પહોંચેલા તે જગ્યાએ જઈ જોતા અહી દેશી દારુની ભઠ્ઠી ચાલુ છે જેમા ઈંટો મુકી ચુલો ચાલુ છે તેમજ લોખંડનુ ૨૦૦ લીટરની ક્ષમતાવાળુ બેરલ છે જે સુંઘી સુંઘાડી જોતા ખાટી અને તીવ્ર વાસ આવે છે. અહી મજકુર ઈસમ મળી આવતા તેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ રાજેશભાઈ ઉર્ફે રાજુ હઠાભાઈ ઝુંઝા જણાવેલ અને સદર દારુ વિશે પાસ પરમીટ પુછતા ન હોવાનુ

જણાવતા તેમજ વાડી માલીક કુલદીપસિંહ બાબતે પુછતા ગામમાં ગયેલ હોવાનું જણાવેલ સ્થળ પર જોતા આ કામે ફરીયાદી મુજબના ક્રમ નં–૧ થી ૧૫ મુજબના દારૂની ભઠ્ઠીમાં વપરાશમાં લેવાતા વિવિધ સાધનો તેમજ રોકડા રુપીયા ૧૫૬૧૦/– સહીત કુલ ૧૫ વિવિધ મુદ્દામાલ કુલ મળી રકમ રુપીયા ૯૯૪૧૦/– કબ્જે કરી આ ઈસમની ધરપકડ કરેલ. આમ હાલનો આરોપી ઉપરોકત મુદામાલ સાથે હાજર મળી આવતા તેમના વિરુદધ ધોરણસર થવા અમોએ પડધરી પો.સ્ટે. ખાતે ફરીયાદ આપેલી. સદર ફરીયાદ મને બતાવામાં આવે છે જે ઓળખી બતાવું છું જેમાં મારી સહી ઓળખી બતાવું છું તેમજ બનાવ બાબતેનો ગુનો રજી. રીપોર્ટ અનુક્રમે રજુ દા.આંક–૧૯ તથા ૨૦ આપવામાં આવેલ છે. આ કામના આરોપીને ઓળખુ છુ.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્બારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને કહેવાતો મુદ્દામાલનો જથ્થો મુદ્દામાલવાળી જગ્યા જાહેર જગ્યા છે જ્યાં ધણાંબધાં માણસોની અવર જવાર ચાલુ હોય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આવો કોઈ બનાવ બનેલ ન હોય અને અમોજ ફરિયાદી હોય જેથી ફરિયાદને અનુરૂપ ખોટી જુબાની આપુ છુ અને આરોપીને ખોટી રીતે બતાવેલ છે.

(૭.3) ફરિયાદપક્ષ તરફે ત.ક.અ. અનિરૂદ્ધસિંહ જયવંતસિંહ જાડેજા આંક–૨૧ થી તેઓએ જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તારીખ–૨૪/૦૪/૨૦૨૬ ના રોજ અમો પડધરી પોસ્ટેમાં હે.કો તરીકે ફરજ બજાવતો હતો. અમોને પડધરી પો.સ્ટેના ગુ.ર.નં પાર્ટ–સી,૨૬૦૧૯૭/૨૦૨૬, પ્રોહી.એકટની કલમ–૬૫બી, સી,ડી,ઈ,એફ. ૯૮(૨) ૮૧ ની તપાસ અમોને ડેપ્યુટ કરવામાં આવેલ છે .જેને દા.રજુ આંક–૨૨ આપવામાં આવે છે. આ ગુન્હાની આગળની તપાસ મને પી.એસ.ઓ તરફથી સોંપાતા મે તપાસ સંભાળી લીધેલ. મને ચાર્જશીટના કાગળો માંથી ગુ.ર.નં.૨૬૦૧૯૭/૨૦૨૬, પ્રોહી.એકટની કલમ– ૬૫બી, સી,ડી,ઈ,એફ. ૯૮(૨) ૮૧ મુજબના ગુનાની એફ.આઈ.આર બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ તે જ છે જે અસલ એફ.આઈ.આર ને રજુ દાખલ આંક–

૨૩ આંપવામાં આંવે છે. મે સાહેદોના નીવેદન લીધેલા અને ત્યારબાદ આ કામે રજુ ફોટો પ્રમાણપત્ર બતાવામાં આવેલ જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ ત્યારબાદ આ ગુન્હાના કામે મુદામાલ જપ્ત કરવામાં આવેલ જે અંગેની પાવતી જે હુ ઓળખી બતાવુ છુ તેમજ આ કામે જપ્ત કરેલ મુદામાલમાંથી ૨૦૦ એમ.એલ મુદામાલ એફ.એસ.એલ અર્થે મોકલવામાં આવ્યો હતો. આ પંચનામું આ કામે આંક–૧૦ તથા ૧૨ થી રજૂ મને બતાવવામાં આવે છે. તેમજ પંચનામામાં મારી તથા મારી રુબરુ પંચોની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. આ કામે જપ્ત કરેલ કુલ ૧૫ મુદામાલ જેની કુલ કિંમત ૯૯૪૧૦/– થાય છે તેમાંથી કેફી પ્રવાહી એફ.એસ.એલ. તપાસણી અર્થે રવાના કર્યાનું પત્રક આ કામે રજુ દા.આંક–૨૪ આપવામાં આવે છે. વધુમાં આ કામે પ્રોહી કલમ ૧૨૦ હેઠળ કરવામાં આવેલો ઠરાવ મને બતાવવામાં આવે છે હું મારી સહી ઓળખી બતાવું છું. અસલ રજુ દા.આંક.–૨૫ આપવામાં આવે છે. તપાસ અંતે આરોપી ઈસમ વીરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખુ છુ.જે આજ રોજ નામ.કોર્ટમાં હાજર નથી. જોયે ઓળખુ છુ.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ગુન્હાવાળી જગ્યા જાહેર જગ્યા છે અને સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પંચનામું પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરેલ છે તથા પાછળથી પંચોની સહી લીધી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરિયાદી અમારા સાથી કર્મચારી હોય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરિયાદનાં સમર્થનમાં ખોટુ ચાર્જશીટ કરેલ છે તથા ફરિયાદનાં સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

**(૦૮) પુરાવાનું મુલ્યાંકન:–**

આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાની હકીકતોને ધ્યાને લેતા આ કામે ફરિયાદપક્ષે રજુ પુરાવાનું ગુણદોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો એ હકીકતની નોંધ લેવી ઘટે કે બનાવવાળો વિસ્તારએ જાહેર વિસ્તાર છે અને તેમ છતાં ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોને સાહેદ તરીકે દર્શાવાયેલા નથી કે તપાસેલા નથી. આ કામે તપાસવામાં આવેલા

ફરિયાદી તથા ફરિયાદપક્ષે લેવામાં આવેલ નિવેદનોને વંચાણે લેતાં મોટા ભાગે પોલીસ સાહેદો છે અને જાહેર જગ્યાએ મળી આવેલ હોવા છતાં આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદો તપાસમાં લીધેલા નથી અને શા માટે લીધેલ નથી તે અંગે ફરિયાદપક્ષે કોઈ ખુલાસો પણ કરેલ નથી. જે અન્વયે **નામ. ગુજરાત હાઈકોર્ટનાં R/Criminal Revision App. No. 151 of 2012, 10/01/2024** માં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર પોલીસ સાહેદોને તપાસનાં કામે નિવેદન લેવામાં આવેલ હોય અને માત્ર પોલીસ સાહેદોને જ તપાસવા આવેલ હોય તેમજ બીજા કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ ન હોય ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર માત્ર પોલીસ સાહેદોનાં નિવેદનને આધારે આરોપીને તકસરીવાન ઠરાવી શકાય નહીં. વધુમાં, ફરિયાદપક્ષના કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીની સભાન પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં હોવાનું સાબીત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબ્જો પ્રસ્થાપિત થાય પછી પ્રોહીબીશન એકટની કલમ-૧૦૩ પ્રમાણે સાબીતીનો બોજો આરોપી ઉપર જાય છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ. પરંતુ આ કામે જે પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરેલ છે તેમાનાં પંચસાહેદની જુબાની આંક-૦૯ તથા ૧૧ થી થયેલ છે અને તેઓ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. તેમજ સદરહું બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં તે હકીકતને સાબીત કરવા સારૂ કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ હાલના કેસમાં દલીલ ખાતર એકવાર ફરિયાદ સાબીત માની લઈએ તો પણ જે જગ્યાએથી મુદ્દામાલ સાથે આરોપી મળ્યાનું ફરિયાદ તથા પંચનામામાં લખેલ છે તે જગ્યાએ આરોપીને મુદ્દામાલ સાથે અટક કરેલ હોય તેવું જણાવતા સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે તેવું બતાવતો અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ખરેખર આરોપી મુદ્દામાલ સાથે મળી આવેલ કે કેમ ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ તથા નામ. વડી

અદાલતનાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં રાખતા ફરિયાદપક્ષ આરોપી સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, આરોપી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવી પકડાઈ ગયેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં, સદર કામે પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો પણ નોંધવામાં આવેલા નથી. તેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર હાલના આરોપીને તકસરીવાન ઠરાવી શકાય નહીં. તેમજ આ કામે હવે વધુ અન્ય કોઈ પોલીસ સાહેદોને તપાસવામાં આવે તો પણ હાલના કેસના નિર્ણયમાં કોઈ ફેરફાર થાય તેમ ન હોય અન્ય બાકી રહેલા પોલીસ સાહેદને તપાસવામાં આવેલ નથી. આમ, હાલના કેસમાં રેકર્ડ ઉપર તપાસવામાં આવેલા ફરિયાદી તથા સાહેદનો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીની વિરૂદ્ધના ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૦૯)** આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતા, ફરિયાદ પક્ષ આ કામના આરોપી સામે મૌખિક, દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા દ્વારા આક્ષેપિત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી)(સી)(ડી)(ઈ)(એફ), ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાઓનું તહોમત નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે તથા કેસના આખરી નિકાલ સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવમાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૦૧)** ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે આ કામના **આરોપી ૦૧-રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ હઠાભાઈ ઝુંઝા,** રહે. તરઘડી, તા.પડધરી, જી.રાજકોટ તથા **૦૨-કુલદિપસિંહ જોરૂભા જાડેજા,** રહે. વિસામણ, તા.પડધરી, જી.રાજકોટવાળાને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી)(સી)(ડી)(ઈ)(એફ), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબનાં રૂા.૫,૦૦૦/– નાં જાત જામીન તથા તેટલી જ રકમનાં જામીન આપવા.

(૦૩) સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને કિંમતી મુદામાલ બાબતે માલીકીની ખરાઇ કરી મુળ માલીકને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ–૧૩મી માહે ઓગસ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૮/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ–1579**

NJB